## વેડરોડમાં માળિયા પરથી કેરોસીનની બોટલ નીચે પડતા દાઝેલી મહિલાનું મોત

સુરતઃ વેડરોડમાં માળિયા પર મૂકેલી કેરોસીનની બોટલ નીચે પડી હતી. જેથી જમવાનું બનાવતી મહિલા ગંભીર રીતે દાઝી ગઈ હતી. પત્નીને બચાવવા માટે દોડેલા પતિને પણ દાઝી જતાં બંનેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મહિલાનું મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, વેડરોડ મીનાનગરમાં ચમન કિશોરભાઈ ચૌહાણ (25 વર્ષ) પત્ની સ્વાતિદેવી (22 વર્ષ) તેમજ એક પુત્ર સાથે રહે છે અને એમ્બ્રોઇડરી ખાતામાં કામ કરે છે. ગઇ તારીખ 5મી ડિસેમ્બરના રોજ સવારે તેની પત્ની સ્વાતિદેવી રસોડામાં જમવાનું બનાવતી હતી. દરમિયાન માળિયા પરથી કેરોસીનની બોટલ નીચે પડી હતી. જેથી સ્વાતિદેવી ગંભીર રીતે દાઝી ગઈ હતી. બાજુના રૂમમાં હાજર પતિ ચમન તેમને બચાવવા માટે દોડી આવ્યા હતા. જેમાં તે પણ દાઝી ગયો હતો. બનાવને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને બંનેને 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રવિવારે બપોરે સ્વાતિદેવીનું મોત નિપજ્યું હતું.

## કિશોરીને ભગાડી જનાર આરોપી કિશોર જામીન મુક્ત

સુરતઃ લગ્નના લગ્નનાં ઈરાદે સગીરાને ભગાડી જનાર કિશોરની પોલીસે ધરપકડ કરી જુવેનાઈલ કોર્ટમાં રજૂ કર્યો હતો. કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના અધ્યક્ષ તથા જજ કે.બી. મકવાણાની કોર્ટમાં જામીન અરજી કરી હતી.કિશોર તરફે જામીન અરજીની સુનાવણીમાં વકીલ જાવેદ મુલતાની, જુનેદ મન્સુરી, રેખા માલીએ દલીલ કરી હતી. કોર્ટ દ્વારા ઉપસ્થિત કરાયેલાં પ્રશ્નો સંદર્ભે વાલીએ જવાબદારી લીધી હતી. જુવેનાઇલ કોર્ટે કિશોર અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાય નહિ તેની કાળજી રાખવા સહિતની શરતોને આધિન કિશોરને જામીન ઉપર મુકત ક્યોં હતો.

## પત્ની પિયરે ચાલી જતાં પતિનો આપઘાત

સુરતઃ ડિંડોલીમાં ઝગડો થતા પત્ની પિયરે ચાલી જતા પતિએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ડિંડોલીના મહાદેવનગરમાં રહેતા મૂળ મહારાષ્ટ્રના વતની લવલેશ ઉત્તમ સપકાલે (28 વર્ષ) રિક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતો હતો. શનિવારે તેનો પત્ની વચ્ચે ઝગડો થતાં તે પિયરે ચાલી ગઈ હતી. તે વાતનું માઠું લગાવી સાંજે લવલેશે લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## પ્રેમલગ્નના ચાર જ મહિનામાં પરીણિતાએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ છત્તીસગઢના વતની અજય પટેલ હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલી આગમ નવકાર સોસાયટીમાં રહે છે અને રત્નકલાકાર તરીકે નોકરી કરે છે. દોઢ વર્ષ પહેલા તેને ઘર નજીક રહેતી કાજલ નામની 19 વર્ષીય યુવતી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો અને ચાર મહિના પહેલા બંનેએ લગ્ન કરી લીધા હતા. શનિવારે બપોરે કાજલે ઘરમાં ગળે ફાંસો ખાઇ લઇ આપઘાત કરી લીધો હતો.

## પુણાગામમાં માનસિક બિમારીથી પીડિત રત્નકલાકારનો આપઘાત

સુરતઃ પુણાગામમાં માનસિક બિમારીથી પીડિત રત્નકલાકારે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. હાલ પુણાગામ વલ્લભનગરમાં રહેતા મૂળ મહારાષ્ટ્રના વતની અને રત્નકલાકાર નરેશ સામરાવ સોનવણે (41 વર્ષ) છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતો હતો. જેનાથી કંટાળી રવિવારે સવારે તેણે ઝેર પીને આપઘાત કરી લીધો હતો.

**સુરતની સિટી સર્વે કચેરીઓમાં વકીલોનો આક્રોશ**

# સુપરિન્ટેન્ડન્ટોની ગાંધીનગર સુધી રાવ

**અરજીઓમાં** વિલંબ, ગેરકાયદે ક્વેરીઓ, કાયદાની અજ્ઞાનતા અને ખરાબ વર્તનથી પ્રજા પરેશાન

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં પ્રેક્ટિસ કરતા અનેક વકીલોએ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, કલેક્ટર, નાયબ કલેક્ટર તેમજ ગુજરાત સરકારના વિજીલન્સ વિભાગને લેખિત ફરિયાદ પાઠવી સિટી સર્વે સુપરીન્ટેડન્ટો અને સ્ટાફની કામગીરી સામે ગંભીર આક્ષેપ કર્યા છે.

વકીલોનું કહેવું છે કે સિટી સર્વે કચેરીઓમાં અરજીઓનો સમયસર નિકાલ થતો નથી, અરજદારો અને વકીલોને ધક્કા ખવડાવવામાં આવે છે અને કાયદાની સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં મનમાની રીતે અરજીઓ પરત કરી દેવામાં આવે છે. ફરિયાદ અનુસાર, સિટી સર્વે દફતરે અરજી કર્યા બાદ ૧૦ દિવસ સુધી અરજી યોગ્ય વોર્ડ વિભાગમાં જતી નથી. વોર્ડમાં ગયા બાદ પણ સર્વેયરો કાચી એન્ટ્રીઓ પાડવામાં મોડું કરે છે. ત્યારબાદ જ્યારે વકીલો સુપરિન્ટેડન્ટ સમક્ષ રજુઆત કરે છે ત્યારે તેઓ મુદ્દો સાંભળ્યા વગર ખોટા અર્થઘટન કરી અરજીઓ પરત કરી દે છે. ખાસ કરીને બહુમાળી બિલ્ડિંગના એ-બ્લોકમાં કાર્યરત સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં. ૧, ૨, ૩ અને વિભાગ-૪ના અધિકારીઓ એકબીજાની મેળાપીપણામાં એકસરખી કવેરીઓ કાઢી અરજીઓ રદ કરતા હોવાનો આરોપ મૂકાયો છે. વકીલો સાથે ખરાબ વર્તન અને ધમકી પણ અપાતી હોવાની ફરિયાદ છે. સિટી સર્વે સુપરીન્ટેડન્ટો અને સ્ટાફ સામે તાત્કાલિક અને નિષ્પક્ષ ઈન્કવાયરી કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### પ્રોપર્ટી કાર્ડમાં ટાઈપિંગ ભૂલો, સુધારણા બદલે ફરી લાંબી પ્રક્રિયા

પ્રોપર્ટી કાર્ડમાં નામ દાખલ કરતી વખતે વારંવાર કમ્પ્યુટર ટાઈપિંગ ભૂલો થતી હોવાનો આરોપ છે. આ ભૂલો સુધારવાની જગ્યાએ સુપરીન્ટેડન્ટો અપીલ કરવા જણાવે છે અને ટાઈપિંગ ભૂલને નવી એન્ટ્રી ગણી ફરી ૪૫થી ૯૦ દિવસનો સમય બગાડવામાં આવે છે. ઘણી અરજીઓ ઉપર ખોટી અને ગેરકાયદે કવેરીઓ કાઢી ૩૦થી ૪૦ દિવસ બાદ પરત કરવામાં આવે છે.

### હાઈકોર્ટના હુકમનો અનાદર, એન.એ. જમીન અને બાંધકામ મામલે સત્તાનો દુરુપયોગ

રજિસ્ટર્ડ દસ્તાવેજોની એન્ટ્રી પાડવામાં સિટી સર્વે કચેરીઓ અણગમો દાખવે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પષ્ટ હુકમ હોવા છતાં એન્ટ્રી ન પાડવી કે ખોટું અર્થઘટન કરી અરજી રીજેક્ટ કરવી, કન્ટેમ્પ્ટ સમાન વર્તન હોવાનું વકીલોનું કહેવું છે. કલેક્ટર કચેરીમાંથી બિનખેતી મંજૂરી અને ઈમ્પેક્ટ ફી ભરાયા બાદ પણ એન્ટ્રીઓ ન પાડવામાં આવતી હોવાનો આરોપ છે.

### ફ્લેટ, પ્રોજેક્ટ અને પ્લોટિંગમાં અયોગ્ય માંગણીઓ

એક જ પ્રોજેક્ટમાં બીજા ફ્લેટ હોલ્ડરનું નામ દાખલ કરવા માટે ફરી એન.એ. ઓર્ડર, પ્લાન પાસ, રજાચીઠ્ઠી જેવી અઘટિત માંગણીઓ કરવામાં આવે છે. એક અધિકારીને બે-ત્રણ કચેરીનો ચાર્જ સોંપાતા કામમાં વધુ વિલંબ થાય છે. બહાર બેસતા શિરસ્તેદારો પણ વકીલો અને પક્ષકારો સાથે અયોગ્ય વર્તન કરતા હોવાની ફરિયાદ છે.

# સમિતિની કાંસકીવાડની શાળાનો પાર્કિંગશેડ દબાણનો અડ્ડો

**કર્મચારીઓ** અને મુલાકાતીઓને પાર્કિંગની તકલીફ થતી હોવાના કારણે શેડ બનાવવામાં આવ્યો હતો




સુરતઃ સુરત મહાનગરપાલિકા શહેરના વિવિધ વિસ્તારોમાંથી ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી કરી રહી છે, ત્યારે બીજી તરફ માથાભારે દબાણકર્તાઓ મહાનગર પાલિકાની જ મિલકતમાં બેફામ દબાણ કરતા હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કાંસકીવાડ સ્થિત કચેરી નજીક બનાવવામાં આવેલ પાર્કિંગ શેડને દબાણકર્તાઓએ ગોડાઉન સમાન બનાવી દીધો હોવાની ફરિયાદો ઉઠી છે.

ગોપીપુરા-સંઘાડિયાવાડ ખાતે આવેલી શિક્ષણ સમિતિની જૂની કચેરી જર્જરિત બનતાં તેને કાંસકીવાડની પાલિકા સંચાલિત શાળામાં શિફ્ટ કરવામાં આવી હતી.

ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં કચેરી હોવાને કારણે કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે પાર્કિંગની ભારે મુશ્કેલી ઊભી થઈ હતી. આ સમસ્યાને ધ્યાને રાખીને સમિતિ દ્વારા કચેરી નજીક પાર્કિંગ માટે ખાસ શેડ બનાવવામાં આવ્યો હતો. જોકે, કાંસકીવાડ-ભાગળ વિસ્તારના કેટલાક માથાભારે દબાણકર્તાઓએ આ પાર્કિંગને પોતાની બાપીકી મિલકત સમજી લારીઓ, રીક્ષા અને નાના ટેમ્પો પાર્ક કરી દીધા છે.

પરિણામે સમિતિના સભ્યો, કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને પાર્કિંગ માટે રસ્તા પર વાહન ઊભા રાખવા પડે છે, જેના કારણે ટ્રાફિક સમસ્યા અને સ્થાનિક લોકોને ભારે તકલીફ ઊભી થઈ રહી છે.

# શિયાળામાં સક્રિય થયેલા ચોરો ત્રણ સ્થળે ત્રાટક્યા

**સલાબતપુરા**, લિંબાયત અને પાંડેસરા પોલીસ મથકની હદમાંથી .૧.૨૧ લાખથી વધુની મત્તા પર હાથફેરો

સુરત : શહેરમાં ફરી એકવાર ઘરફોડ ચોરીના બનાવોએ નાગરિકોની ચિંતા વધારી છે. ઉમરવાડા, લિંબાયત અને પાંડેસરા વિસ્તારમાં અલગ-અલગ ત્રણ સ્થળે તસ્કરોએ ઘરો અને દુકાનને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો છે

ઉમરવાડા ગોળ દવાખાના પાછળ આવેલા જુના ડેપો ખાતે રહેતા મુસ્તાકભાઈ શેખના ઘરે દરવાજાનું લોક તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને કબાટમાંથી કબાટમાંથી સોનાની બે બુટ્ટી (એક જોડ) કિંમત રૂ.૨૫,૦૦૦ તથા અસપાકના ઘરમાંથી સોનાની નાની બે બુટ્ટી (એક જોડ) કિંમત રૂ.૪,૦૦૦ અને પાકીટમાં મુકેલા રોકડા રૂ.૩૦,૦૦૦ મળી કુલ રૂ.૫૯,૦૦૦ની મત્તા ચોરી કરી ચોર નાસી ગયા હતા. બીજો બનાવમાં લિંબાયતના મહાપ્રભુનગરમાં રહેતા અને કરિયાણાની દુકાન ચલાવતા ગૌતમ રામલાલ રબારીના પહેલા માળે આવેલા મકાનમાં ગત તા.૧૭/૧૨/૨૦૨૫ના બપોરે ૪ થી ૪:૪૫ વચ્ચે ચોરી થઈ હતી. મકાનના દરવાજાનું તાળું તોડી અથવા ડુપ્લીકેટ ચાવી વડે ખોલીને ચોર ઈસમે બેગમાંથી રૂ.૨૫,૦૦૦ રોકડા તથા મહત્વના દસ્તાવેજો ચોરી લીધા હતા. .ત્રીજો બનાવ પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયો છે. ડીંડોલી-ખરવાસા રોડ પર ઓમનગર સોસાયટીમાં રહેતા દીપકભાઈ જયંતીલાલ પટેલની પાંડેસરા ‘પટેલ સોડા, પાન, પાર્લર એન્ડ સુપર સ્ટોર’ માંથી શટરનું તાળું તોડી અંદર પ્રવેશ કરી કાઉન્ટરમાંથી રૂ.૩૫,૦૦૦ રોકડા તથા સિગારેટો કિંમત રૂ.૨,૨૦૦ મળી કુલ રૂ.૩૭,૨૦૦ની ચોરી થઈ છે.

# યુવાનીમાં બાળકનું અપહરણ કરનાર વૃદ્ધાવસ્થામાં ઝડપાયો

**૨૩** વર્ષથી ફરાર આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચે તમિલનાડુના સેલમમાંથી ઝડપી લીધો

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત રાખવાના હેતુથી હાથ ધરવામાં આવેલી સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન સુરત શહેર ક્રાઈમ બ્રાંચે મોટી સફળતા મેળવી છે. વર્ષ ૨૦૦૨માં અઢી વર્ષના બાળકના અપહરણ બાદ ખંડણી માટે દાખલ થયેલા ગંભીર ગુનામાં છેલ્લા ૨૩ વર્ષથી નાસતો ફરતો આરોપી તમિલનાડુ રાજ્યના સેલમ શહેરમાંથી ઝડપી લેવામાં આવ્યો છે.

સચીન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૨માં દાખલ થયેલા ખંડણીના ગુનામાં ૨૩ વર્ષથી ફરાર આરોપી ક્રિષ્ણા બાસો કેવટ હાલ તમિલનાડુ રાજ્યના સેલમ શહેર વિસ્તારમાં રહે છે. તેવી માહિતી ક્રાઈમબ્રાન્ચને મળી હતી. જેમાં એક વિશેષ ટીમ તમિલનાડુ ખાતે મોકલવામાં આવી હતી. ક્રાઈમ બ્રાંચની ટીમને સેલમ શહેરના ઈલમબિલ્લી વિસ્તારમાંથી વોન્ટેડ આરોપી ક્રિષ્ણા બાસો કેવટ (ઉ.વ. ૬૦, મૂળ વતન માધુપુર, સમનાહુવા, થાણા-હરનૌત, જિલ્લો-નાલંદા, બિહાર)ને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. લાંબા સમયથી અલગ-અલગ રાજ્યોમાં ફરતો રહી કાયદાની નજરમાંથી બચી જતો આરોપી અંતે સુરત પોલીસના જાળમાં ફસાયો છે.

પકડાયેલા આરોપી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેને સુરત લાવી સચીન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે. આરોપી અંગે પોલીસ દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ ફરીયાદી દિનેશકુમાર બાબુલાલ શાહુના અઢી વર્ષના સગીર પુત્રનું તા.૨૫-૧૨-૨૦૦૨ના રોજ અપહરણ થયાની ફરિયાદ સચીન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. આ અપહરણનો ગુનો હાલના આરોપી ક્રિષ્ણા બાસો કેવટ તથા તેના સહ આરોપીઓએ પૂર્વ આયોજન મુજબ કાવતરું રચી આચર્યો હતો. આરોપીઓએ બાળકને છોડાવા બદલ ફરીયાદી પાસે રૂ.૫ લાખની ખંડણીની માંગણી કરી હતી અને રકમ ન આપશે તો સગીરને નુકસાન કરવાની ગંભીર ધમકી પણ અપાઈ હતી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસે ઝડપી કાર્યવાહી કરી બિહાર રાજ્યના પટના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૭ પરથી સહ આરોપીઓને ઝડપી લઈને સગીર બાળકને સુરક્ષિત રીતે આરોપીઓના કબ્જામાંથી મુક્ત કરાવ્યો હતો. આ કેસમાં આરોપી અનવર હુસેન, મહમંદ અજ્જુ અને અનિલ કેવટને નામદાર કોર્ટે આજીવન કેદની સજા ફરમાવી હતી, જ્યારે ૨૩ વર્ષથી નાસતો ફરતો આરોપી ક્રિષ્ણા બાસો કેવટને હવે તમિલનાડુના સેલમ શહેરમાંથી ઝડપી લેવામાં આવ્યો છે.



**હબ ટાઉન કોમ્પ્લેક્સમાંથી લાખોનો મુદ્દામાલ જપ્ત**

# અડાજણમાં ડુપ્લિકેટ બ્રાન્ડેડ માલના રેકેટનો પર્દાફાશ

**વેબસાઇટ** અને ઈન્સ્ટાગ્રામ મારફતે રાજ્યભરમાં નકલી ચીજવસ્તુઓનું વેચાણ

**‘શૂઝકેપ્સ’**, ‘ક્લાસિક બેગ’, ‘ક્લાસી પર્સ’, ‘ક્લાસી કીક્સ’, ‘શુગાઝમ’, જેવી વેબસાઇટ્સ દ્વારા ગ્રાહકોને આકર્ષતા

સુરત : સુરત શહેરમાં નકલી બ્રાન્ડેડ ચીજવસ્તુઓના વધતા વેપાર સામે રાંદેર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. અડાજણ બસ ડેપો નજીક આવેલા હબ ટાઉન કોમ્પ્લેક્સમાં ચાલતા ડુપ્લિકેટ બ્રાન્ડેડ માલના સુવ્યવસ્થિત નેટવર્કનો પર્દાફાશ કરીને પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. વેબસાઇટ્સ અને સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરી “ઓલ ઈન્ડિયા ડિલિવરી”ના નામે ગ્રાહકોને છેતરવામાં આવતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

રાંદેર પોલીસને બાતમી મળી હતી કે અડાજણ વિસ્તારમાં આવેલા હબ ટાઉન કોમ્પ્લેક્સમાં નકલી બ્રાન્ડેડ ચીજવસ્તુઓનો મોટાપાયે સંગ્રહ અને વેચાણ થઈ રહ્યું છે. આ માહિતીના આધારે પોલીસ ટીમે કોમ્પ્લેક્સમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન ગ્રાઉન્ડ ફ્લોરથી લઈ ઉપરના માળ સુધીના પાનના ગલ્લા અને દુકાનોમાં કોમ્બિંગ કરવામાં આવ્યું હતું. પોલીસને કોમ્પ્લેક્સના પાંચમા માળે આવેલી દુકાન નંબર 503 અને 507 પર શંકા જતા ત્યાં ખાસ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસમાં આ દુકાનોમાંથી નામી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના નામે વેચાતા શૂઝ, ઘડિયાળ, પર્સ, પરફ્યુમ, ગોગલ્સ, ટી-શર્ટ્સ તેમજ ક્રોક્સ સહિતનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક નજરે જ આ તમામ વસ્તુઓ ડુપ્લિકેટ હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે આ મામલે આબિદ ઉમરભાઈ કુડા અને સુફિયાન અલ્તાફભાઈ પલ્લાની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ચોંકાવનારી વિગતોનો ખુલાસો કર્યો હતો. તેઓ ડુપ્લિકેટ માલ વેચવા માટે અલગ-અલગ વેબસાઇટ્સ અને ઈન્સ્ટાગ્રામ પેજ ચલાવતા હતા. ‘શૂઝકેપ્સ’, ‘ક્લાસિક બેગ’, ‘ક્લાસી પર્સ’, ‘ક્લાસી કીક્સ’, ‘શુગાઝમ’, ‘અર્બન ડ્યૂડ’, ‘કીક બઝ’ અને ‘ફેશન આયના’ જેવી વેબસાઇટ્સ દ્વારા ગ્રાહકોને આકર્ષવામાં આવતા હતા. આરોપીઓ અત્યંત ચતુરાઈથી નેટવર્ક ચલાવતા હોવાનું બહાર આવ્યું છે. તેઓ ડુપ્લિકેટ શૂઝ અને પરફ્યુમ એક જગ્યાએથી મંગાવતા, જ્યારે બ્રાન્ડેડ દેખાતા ખાલી બોક્સ અને પેકેજિંગ મટીરીયલ અન્ય સ્થળેથી મેળવતા હતા. બાદમાં આ નકલી ચીજવસ્તુઓને ઓરિજિનલ જેવા બોક્સમાં પેક કરી દેશભરમાં કુરિયર દ્વારા મોકલવામાં આવતી હતી. પોલીસે સ્થળ પરથી આશરે રૂપિયા 1,20,300 ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓ પાસે કોઈપણ પ્રકારના અધિકૃત ખરીદ-વેચાણના બિલો રજૂ થઈ શક્યા નહોતા. રાંદેર પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ક્રાઈમ તો ઠીક, હવે લવેરિયાઓનું દૂષણ ડામવા પણ કેમેરા**



અઠવાલાઈન્સ અને તેમાં પણ આદર્શ સોસાયટી શહેરના પોશ વિસ્તારોમાં ટોપ પર છે. જો કે નજીકમાં જ કાર્યરત અનેક શાળા-કોલેજોને કારણે છેલ્લા ઘણાં સમયથી આ વિસ્તારમાં લવેરિયાઓનું ન્યૂસન્સ સતત વધી રહ્યું છે. શાળા-કોલેજોમાં અભ્યાસ કરતાં છોકરા-છોકરીઓ ગપ્પા મારવા એકાંત શોધવા આદર્શ સોસાયટી અને આસપાસની આંતરિક ગલીઓ સુધી પહોંચી જાય છે. આવી ફરિયાદો સતત વધતાં આ વિસ્તારમાં ઝાડ ઉપર સીસીટીવી લગાડવામાં આવ્યા છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# સુરતમાં દિવસનું તાપમાન સ્થિર, રાતનું વધી ગયું

**શનિવારની** સરખામણીમાં રવિવારે રાતના લઘુત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો

**માત્ર** સવારે અને રાત્રે જ ઠંડીનો અનુભવ થાય છે



સુરતઃ સુરત શહેરમાં છેલ્લા બે દિવસ દરમિયાન તાપમાનમાં નાનો પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ગઈકાલની સરખામણી કરીએ તો દિવસનું મહત્તમ તાપમાન લગભગ સ્થિર રહ્યું છે, જ્યારે રાત્રીના તાપમાનમાં વધારો નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૨૭ ડિસેમ્બરે સુરતમાં મહત્તમ તાપમાન ૩૨.૦ ડિગ્રી સેલ્સિયસ હતું, જે ૨૮ ડિસેમ્બરે થોડું વધીને ૩૨.૨ ડિગ્રી સુધી પહોંચ્યું છે, એટલે કે મહત્તમ તાપમાનમાં ૦.૨ ડિગ્રીનો નગણ્ય વધારો થયો છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૭.૮ ડિગ્રીથી વધીને ૧૯.૦ ડિગ્રી થયું છે, એટલે કે રાત્રીના તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો સ્પષ્ટ વધારો નોંધાયો છે. આ વધારા કારણે સવાર અને રાત્રે થતી ઠંડીમાં થોડી રાહત અનુભવાઈ છે. પવનની દિશામાં પણ ફેરફાર જોવા મળ્યો છે. ગઈકાલે ઉત્તર-પશ્ચિમ (નોર્થ વેસ્ટ) દિશામાંથી પ્રતિ કલાક ૬ કિમીની ઝડપે પવન ફૂંકાતો હતો, જ્યારે આજે ઉત્તર (નોર્થ) દિશામાંથી પવનની ઝડપ ઘટીને પ્રતિ કલાક ૪ કિમી નોંધાઈ

# મહિલા કોંગ્રેસમાં પણ બબાલ, 7 નેતાના રાજીનામા

**શહેર** પ્રમુખ વિપુલ ઉધનાવાલાની માનસિકતા મહિલા વિરોધી હોવાનો આક્ષેપ : પૂર્વ કોર્પોરેટર મમતા સવાણી મહિલા પ્રમુખ બન્યા

સુરતઃ પ્રદેશ કોંગ્રેસે મહિલા કોંગ્રેસને ફરી સક્રિય બનાવવાના ઉદ્દેશ સાથે પૂર્વ કોર્પોરેટર અને પાટીદાર નેતા મમતા સવાણીને શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે. જો કે પાટીદાર સમાજની મહિલાને મહત્વ આપતાં લઘુમતી સહિત અન્ય સમાજોની મહિલા નેતાઓમાં અસંતોષ ફાટી નીકળ્યો હતો અને હવે મહિલા કોંગ્રેસની 11 હોદ્દેદારે સામૂહિક રાજીનામા આપી દેતા રાજકીય હલચલ મચી ગઈ છે.

મહિલા કાર્યકર્તાઓએ પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતા પટેલને મોકલેલા રાજીનામા પત્રમાં શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા સામે ગંભીર કરતા જણાવ્યું છે કે માનસિકતા મહિલા વિરોધી છે અને મહિલા કાર્યકર્તાઓ સાથે તેમનું વર્તન અસભ્ય તથા અપમાનજનક રહેતું આવ્યું છે.

### વિપુલ ઉધનાવાળા ભાજપ લોબી સાથે મળી કોંગ્રેસને નુકસાન પહોંચાડતા હોવાના આરોપ

રાજીનામું આપનાર શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ રઈશા શેખે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, “મહિલાઓ કોઈની પ્રોપર્ટી નથી. કપરી પરિસ્થિતિમાં પણ વફાદારીથી કામ કરતી મહિલાઓ સાથે અપમાનજનક વર્તન કરવામાં આવ્યું, જેના કારણે રાજીનામા આપવાનો નિર્ણય લેવાયો છે.” તેમણે વધુમાં એવો પણ ગંભીર આક્ષેપ કર્યો કે વિપુલ ઉધનાવાલા ભાજપ લોબી સાથે મળીને કોંગ્રેસને નુકસાન પહોંચાડતા નિર્ણયો લઈ રહ્યા છે.

# સુરત કાપડ ઉદ્યોગના 50 વર્ષની સૌથી ગંભીર મંદી અત્યારે : સાબુ

**“નો રિટર્ન ગુડ્ઝ,** નો પેમેન્ટ લિમિટ”માં કામ નહીં કરનારા મોટા આર્થિક સંકટમાં ભેરવાશે



સુરતઃ સુરત મર્કેન્ટાઇલ એસોસિએશનની 211મી નિયમિત સાપ્તાહિક સમસ્યા નિવારણ પ્રમુખ નરેન્દ્ર સાબુની અધ્યક્ષતામાં મહેશ્વરી ભવન, સિટી લાઇટના પરિસરમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ નરેન્દ્ર સાબુએ જણાવ્યું હતું કે, સુરત કાપડ વેપાર વ્યવસાય 50 વર્ષથી વ્યવસ્થિત રીતે કાર્યરત છે અને તે 50 વર્ષમાં તેના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે.

કાપડ વેપાર સામે સૌથી ગંભીર સમસ્યા પરત કરાયેલા માલનો અનિયંત્રિત પ્રવાહ છે. વેપારીઓની માનસિકતા એટલી ભયંકર છે કે જે માલ વેચાય છે તે ઉપરાંત રિટર્ન ગુડ્ઝ અને લેટ પેમેન્ટ આવે છે, આ પ્રમાણ 45ને બદલે 80થી 120 દિવસ પર પહોંચી ગયો છે. વર્તમાન સમયમાં “નો રિટર્ન ગુડ્ઝ નો પેમેન્ટ લિમિટ” માં કામ નહીં કરનારા મોટા આર્થિક સંકટમાં ભેરવાશે.

તમામ વેપારીઓને અપીલ છે કે તમારે “NO RETURN ONLY PayMENT” ની શરતે માલ વેચવાનો કડક નિયમ બનાવવો પડશે અને હાલમાં વેપારમાં સૌથી મોટી સમસ્યા ચુકવણીની સમસ્યા (No Payment Limit) છે. બહારના વેપારીઓ સુરતના વેપારીઓના પૈસા સોના-ચાંદીના વેપારમાં રોકી રહ્યા છે, જે દર મહિને 10% વળતર આપી રહ્યું છે, જેના કારણે સુરતના કાપડ વેપારને ભારે નાણાકીય કટોકટીનો સામનો કરવો પડ્યો છે. તેથી, હવે આ માટે, તે ફક્ત એવા વેપારીઓને જ માલ વેચવાની અપીલ કરે છે, જે 60 દિવસમાં ચૂકવણી આપી શકે છે.

**‘ગ્રીન સિટી’ તરફ મનપાનું વધુ એક કદમ**

# 16.5 મેગાવોટના વીન્ડ-સોલાર પાવર પ્રોજેક્ટ 26મીએ કાર્યરત થશે

**આ** બંને પ્રોજેક્ટથી વર્ષે રૂા.18 કરોડની વીજબચત સાથે મનપાનો રીન્યુઅલ એનર્જી વપરાશ 32 ટકા પર પહોંચશે

સુરતઃ સુરત મહાનગર પાલિકાએ રિન્યુએબલ એનર્જી તરફ મોટું પગલું ભર્યું છે.

બનાસકાંઠામાં 10.2 મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ અને વાંકેનારમાં 6.3 મેગાવોટનો વિન્ડ પાવર પ્રોજેક્ટ 26 જાન્યુઆરીએ ખુલ્લા કરવાનું આયોજન છે, જેને શાસકોની “ગ્રીન એન્ડ સેવ” સ્ટ્રેટેજી તરીકે જોવામાં આવી રહ્યું છે. હાલ સુરત મનપાનું વાર્ષિક વીજબિલ અંદાજે રૂા.270 કરોડ જેટલું છે. સોલાર અને વિન્ડ પાવરથી ઉત્પન્ન થતી વીજળીનો ઉપયોગ વધતા હવે પાલિકાને વર્ષે અંદાજે રૂા.18 કરોડની સીધી બચત થશે. હાલ પાલિકા પોતાની કુલ વીજ જરૂરિયાતમાંથી 28 ટકા વીજળી રિન્યુએબલ સોર્સમાંથી મેળવે છે, જે આ બે પ્રોજેક્ટ બાદ વધીને 32 ટકા થશે. સોલાર પાવર પ્લાન્ટથી વર્ષમાં અંદાજે 10 કરોડ રૂપિયાની વીજબચત થવાની ગણતરી છે.

દર મેગાવોટ દીઠ સરેરાશ 15 લાખ યુનિટ ઉત્પાદન મુજબ 10.2 મેગાવોટથી વર્ષે લગભગ 1.53 કરોડ યુનિટ વીજળી મળશે. જ્યારે વાંકેનારમાં સ્થાપિત 6.3 મેગાવોટના વિન્ડ પાવર પ્રોજેક્ટથી વાર્ષિક અંદાજે 1.40 કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થશે, જેના કારણે રૂા.8 કરોડ જેટલી વધારાની બચત શક્ય બનશે.